ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૨૭/૧૨/૨૦૨૧

પ્રેસનોટ

અથાગ પરિશ્રમ, પુરુષાર્થ અને આત્મવિશ્વાસ કેળવી આગળ વધવા બહેનોને આહ્વાન કરતાં વિધાનસભાના અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય.

ગુજરાત યુનિવર્સિટી જનશિક્ષણ સંસ્થાન ની ૬૫૦થી વધારે બહેનોને કૌશલ્યલક્ષી તાલીમના પ્રમાણપત્ર વિતરણ કરાયા.

ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય અન્વયે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત જન શિક્ષણ સંસ્થાન દ્વારા જુદા જુદા વર્ગોમાં તાલીમ પ્રાપ્ત કરનાર ૬૫૦ થી વધારે બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના પ્રતિભાવાન પૂર્વ છાત્ર શ્રીમતી ડો. નીમાબેન આચાર્યના વરદહસ્તે આયોજીત કરવામાં આવેલ હતો. કાર્યક્રમના પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડૉ. જગદીશ ભાવસાર સાહેબે ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના પ્રતિભાવાન પૂર્વ છાત્ર ડો. નીમાબેન આચાર્યને ગુજરાત યુનિવર્સિટી વતી આવકાર આપતા ડૉ. નીમાબેન આચાર્યના જીવનમાંથી પ્રેરણા લઈ આજ રોજ પ્રમાણપત્ર મેળવનાર સૌ દિકરીઓ બહેનોને સમાજજીવનના દરેક તબક્કે આગળ વધવાની શુભેચ્છાઓ સાથે ઉપસ્થિતિ સૌને આવકાર આપેલ હતો.

આ પ્રસંગને અનુલક્ષીને જણાવેલ હતું કે, આજે સમાજજીવનના વિવિધ ક્ષેત્રે સેવા વિસ્તારની દીકરી અને બહેનોએ જુદા જુદા વિષયોમાં તાલીમ મેળવી આત્મનિર્ભર બની આત્મનિર્ભર ભારતના નિર્માણમાં જનશિક્ષણ સંસ્થાને ગુજરાત યુનિવર્સિટી વતી યોગદાન આપ્યું છે. જનશિક્ષણ સંસ્થાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડો. જગદીશભાઈ ભાવસાર સહિત જનશિક્ષણ સંસ્થાના અધ્યક્ષ ડૉ.દર્શનાબેન ભટ્ટ, બોર્ડ મેમ્બર ડૉ. સ્મિતા જોશી, ડૉ. નુતન કોટક, ડૉ. રેખાબેન અધ્વર્યુ દ્વારા ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના પ્રતિભાવાન પૂર્વ છાત્ર શ્રીમતી ડૉ.. નીમાબેન આચાર્યનું સાલ ઓઢાડી, સુતરની આંટી અને સરસ્વતી માતાની પ્રતિમા આપી વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

તાલીમાર્થીઓના સમારોહના આ પ્રસંગના મુખ્ય અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના પ્રતિભાવાન પૂર્વ છાત્ર ડૉ. નીમાબેન આચાર્યએ અધ્યક્ષીય ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, તાલીમ લીધા બાદ તમારો હવે બીજો તબકકો એ રોજગારીનો શરૂ થાય છે સાથે જ જણાવ્યું હતું કે, ભારતના યશસ્વી વડાપ્રધાન આ દિશામાં સેલ્ફ એમ્પ્લોયમેન્ટ માટે વિશેષ ચિંતા સાથે અનેકો તકો સમાજજીવનના વિવિધ ક્ષેત્રે ઉપલબ્ધ કરાવી છે. બહેનો તાલીમબદ્ધ થઈને આર્થિક રીતે સક્ષમ થતાં સમાજમાં માન સન્માન સાથે તેમની ઘણી સમસ્યાઓનુ નિવારણ થાય છે. અથાગ પરિશ્રમ, પુરુષાર્થ અને આત્મવિશ્વાસ સાથે અનેક બહેનો આગળ વધી છે એવા અનેક દાખલા છે. આજે સરકાર પોતે જ ગેરેંટેડ બની, આત્મનિર્ભર ભારત અંતર્ગત ઘણી સહાય આપી રહી છે.

આજે વિશ્વમાં ભારતના યુવાધન ભારતની લીડ લઈ રહ્યા છે. વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન ભારતના વિશ્વ ગુરૂ બનવાનું સાકાર થતું ચોક્કસ પણે આજે વિશ્વ અને આપણે સૌ જોઈ રહ્યા છીએ. ખુબ મહેનત કરી સમાજજીવનના અન્યોને પણ આત્મનિર્ભર બનવા તરફ આગળ વધો જ એ શુભેચ્છાઓ સૌ તાલીમાર્થી બહેનોને પાઠવી અધ્યક્ષીય ઉદબોધન આપેલ હતું.

સંસ્થાના નિયામક ડૉ. દર્શનાબેન ભટ્ટે સંસ્થાનો પરિચય, મહેમાનોનો પરિચય આપ્યો હતો. સંસ્થાના કર્મચારીઓ શ્રી યોગેશભાઈ શાહ, ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખ સહિત એસ્ટેટ કર્મચારીઓએ વ્યવસ્થા સંભાળી હતી.

JAN SHIKSHAN SANSTHAN
AZADI KA AMRIT MAHOTSAV

FELICITATION AND CERTIFICATE DISTRIBUTION CEREMONY
Dr. Nimaben Acharya

Dr. Nimaben Acharya



JAN SHIKSHAN SANSTHAN
AZADI KA AMRIT MAHOTSAV

Dr. Nimaben Acharya

Dr. Nimaben Acharya
Hon'ble Speaker
Gujarat Legislative Assembly

JAN SHIKSHAN SANSTHAN
(Run by Gujarat University)
Dr. Nimaben Acharya

Dr. Nimaben Acharya

Dr. Nimaben Acharya

Dr. Nimaben Acharya

JAN SHIKSHAN SANSTHAN
(Run by Gujarat University)
Dr. Nimaben Acharya